આકાશવાણી, અમદાવાદ

06-06-2026 Midday: 2.30 to 2.35 pm

SATURDAY Regional News

## GOVERNOR VALSAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે વલસાડ જિલ્લાના ઉમરગામના ધોડીપાડા સાંસ્કૃતિક ભવન ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત રહ્યા. તેમણે પ્રાકૃતિક કૃષિને વ્યાપક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. શ્રી દેવવ્રતે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલની મુલાકાત લઇ, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો નિહાળી ખેડૂતો સાથે સંવાદ કર્યો.

અગાઉ તેમણે ઉમરગામ તાલુકાના દેહરી ગામ ખાતે રાત્રિસભા યોજી ગ્રામજનો સાથે પણ સંવાદ કર્યો.

## MOTERA DEMOLITION

અમદાવાદના મોટેરા ગામતળમાં આશારામ આશ્રમ પાસેના અનધિકૃત દબાણો આજે દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે 17 મકાનોના ગેરકાયદેસર ભાગને આજે હટાવવામાં આવી રહ્યો હોવાનું ACP વાણી દૂધાતે જણાવ્યું.

## ACCIDENT MAHISAGAR

રાજ્યમાં જુદા જુદા સ્થળોએ થયેલા માર્ગ અકસ્માતમાં 8 જેટલા લોકોના મોત થાય હોવાના અહેવાલ છે.

મહીસાગરના લૂણવાડામાં એક કાર ચાલકે ત્રણ બાળકોને અડફેટે લેતા એક બાળકનું સારવાર દરમિયાન મોત થયું છે. અમારા પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે લુણાવાડાના આરામપુરા ખાતે કાર ચાલકે અકસ્માત સર્જતા ત્રણ બાળકોને અડફેટે લીધા હતા. જેમાથી એક બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું જ્યારે અન્ય બે બાળકોને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા છે. પોલીસે કાર ચાલકને પકડી વધુ તપસ હાથ ધરી છે.

મોરબી-હળવદ હાઈવે પર પૂરઝડપે આવતી કાર ડમ્પરમાં ઘૂસી જતાં પાંચના મોત થયા હોવાના અહેવાલ છે. જ્યારે ગુજરાત અને મધ્યપ્રદેશની સરહદ પર આવેલ જોડાવાટ ગામ પાસે કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું મોત થયું હતું.

ઓવરલોડ મુસાફરો અને બાઈક ભરીને જતી તુફાન કાર ટ્રેક્ટર સાથે અથડાતાં કારમાં સવાર 20થી વધુ લોકોને નાની મોટી ઈજા થયાના અહેવાલ છે. જ્યારે બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તાપી જિલ્લાના કુકરમુંડા ગામ પાસે કાર પલટી જતાં એક યુવકનું મોત થયું હોવાના અહેવાલ છે. કાર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર પલટી ગઈ હતી. અકસ્માતમાં યુવકનું મોત થયું હતું જ્યારે કારમાં સવાર પાંચ લોકો ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## SOIL HEALTH CARD

રાજ્યમાં છેલ્લા બે દાયકામાં 2 કરોડ 23 લાખથી વધુ ખેડૂતોએ વિનામૂલ્યે સોઈલ હેલ્થ કાર્ડ કઢાવ્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે ચાલુ વર્ષે 2 લાખ 18 હજાર સોઈલ હેલ્થ કાર્ડનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ જેવા 6 મુખ્ય તત્વોની તથા કોપર, આયર્ન, ઝિંક અને મેંગેનીઝ જેવા 6 સૂક્ષ્મ તત્વો સહિત કુલ 12 પેરામીટરનું પૃથ્થકરણ કરવામાં આવે છે.

આ પૃથ્થકરણના આધારે ખેડૂતોને ખાતરના વપરાશ અંગે ભલામણ કરવામાં આવે છે. ભલામણના આધારે ખાતરના ઉપયોગથી ખાતરનો બિનજરૂરી વ્યય અટકે છે અને જમીન પણ સ્વસ્થ રહે છે. રાજ્યમાં હાલ જમીન ચકાસણી માટે 21 પ્રયોગશાળાઓ અને એક સૂક્ષ્મ તત્વ પ્રયોગશાળા કાર્યરત છે.

## MEHSANA BANGLADESHI

મહેસાણા જિલ્લામાંથી સાત જેટલા બાંગ્લાદેશી નાગરિક મળી આવ્યા છે. અમારા પ્રતિનિધિ જણાવે છે જિલ્લા પોલીસ દ્વારા 30 ટીમો બનાવી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી તે દરમિયાન 14 જેટલા શંકાસ્પદ શખ્સો મળી આવ્યા હતા. પૂછપરછ બાદ 5 મહિલાઓ સહિત 7લોકો પાસે બાંગ્લાદેશી નાગરિક હોવાના વિદેશી પાસપોર્ટ સહિત પુરાવા સામે આવ્યા હતા. ત્યારે તેઓને તેમના દેશમાં પરત મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## RAJYASABHA CANDIDATE

ભાજપે રાજ્યસભાની ચૂંટણી માટે ગુજરાતમાંથી ચાર ઉમેદવારોનાં નામ જાહેર કર્યા છે. જેમાં ગીર-સોમનાથ જિલ્લાનાં વતની માનસિંહ પરમાર રાજ્યસભાના ભાજપના ઉમેદવાર તરીકે જાહેર થતા તેમણે પ્રતિક્રિયા આપી.

## PARYAVARAN SHIBIR

પર્યાવરણની સુરક્ષા એ સરકાર અને નાગરિકોની સામૂહિક જવાબદારી છે, તેમ રાજ્યના વન-પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું છે. ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય "પર્યાવરણ કાર્યશિબિર-૨૦૨૬"ના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, પર્યાવરણની ચિંતા એ વૈશ્વિક છે, પરંતુ જ્યાં સુધી જનસામાન્યમાં જાગૃતિ નહીં આવે અને વ્યક્તિગત સ્તરે પગલાં નહીં લેવાય ત્યાં સુધી ઈચ્છનીય પરિણામો પ્રાપ્ત નહીં થઈ શકે. તેમણે ઉમેર્યું કે, માત્ર સરકારી નીતિ અને ટૅકનોલોજીથી પરિણામ પ્રાપ્ત નહીં થાય.

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-GPCBના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યશિબિરમાં બે દિવસ દરમિયાન રાજ્યમાં પર્યાવરણીય પડકારો, નિયમનાત્મક સુધારા, સંસ્થાકીય ક્ષમતાવર્ધન તથા ભવિષ્યલક્ષી આયોજન અંગે વિસ્તૃત ચર્ચા અને મંથન કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વધતાં ઔદ્યોગિકરણ વચ્ચે પર્યાવરણના જતન પર વિશેષ ભાર મૂકતો લેખિત સંદેશો આપીને આ કાર્યશિબિર માટે અભિનંદન પાઠવ્યા હતા.